eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 257
January 28, 2011

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૧/૦૧/૨૦૧૧ ના રોજ કતારગામ ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા. ૨૧/૧/૨૦૧૧,શુક્રવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં (૧) બળીયાદેવ મંદિરની સામે,કોસાડ ગામ ખાતે ઓવરહેડ ટાંકીની ખાતમુહૂર્તવિધિ (૨) રજવાડી પાર્ટી પ્લોટની સામે,કોસાડ ખાતે ઓવરહેડ ટાંકીની ખાતમુહૂર્તવિધિ (૩) કોસાડ EWS આવાસ ખાતે એચ–૨ માં પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ (૪) કોસાડ EWS આવાસ ખાતે એચ–૩ માં પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૧/૦૧/૨૦૧૧ ના રોજ રાંદેર ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



"સ્વર્ણિમ ગુજરાત વર્ષ"માં ૬૨માં પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૧ની રાજય કક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૧/૦૧/૨૦૧૧ને શુક્રવારના રોજ રાંદેર ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાર્તમુહુર્ત અને લોકાપર્ણ વિધિ ગુજરાત રાજયના આરોગ્ય અને પરીવાર કલ્યાણ, પ્રવાસન, યાત્રાધામ વિગેરેના મા. મંત્રીશ્રી જયનારાયણ વ્યાસના વરદ હસ્તે સંપન્ન થઈ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૧/૦૧/૨૦૧૧ ના રોજ લિંબાયત ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા. ૨૧/૧/૨૦૧૧,શુક્રવારના રોજ લિંબાયત ઝોન વિસ્તારમાં (૧) ભાઠેના નહેર જંકશન,ભાઠેના ખાતે JnNURM યોજના હેઠળ BRTS અન્વયે કેનાલ કોરીડોર અંતર્ગત ખરવરનગર જંકશનથી સીમાડા સુધી રોડ ડેવલપ કરવાની ખાતમુહૂર્તવિધિ (૨) સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,આંજણા ફાર્મ,આંજણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૨/૦૧/૨૦૧૧ ના રોજ કતારગામ ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા. ૨૨/૧/૨૦૧૧, શનિવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં (૧) અમરોલી–છાપરાભાઠા મેઈન રોડ ગોપીનાથ સોસાયટી પાસે ખાડી પર આવેલ હયાત પુલની બંને બાજુ તેમજ તેની જગ્યાએ નવા પુલની ખાતમુહૂર્તવિધિ (૨) અમરોલી – સાયણ રોડ પર ગણેશપુરા પોલીસ ચોકી પાસે ખાડી પર આવેલ હયાત પુલની બંને બાજુ તેની જગ્યાએ નવા પુલની ખાતમુહૂર્તવિધિ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૨/૦૧/૨૦૧૧ ના રોજ રાંદેર ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા. ૨૨/૧/૨૦૧૧, શનિવારના રોજ રાંદેર ઝોન વિસ્તારમાં (૧) વરીયાવ ગામ પાસે,ટી.પી.૩૭, ફા.પ્લોટ નં.૧૦૪ ખાતે સુએઝ પમ્પીંગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ (૨) વરીયાવ ગામ પાસે,ટી.પી.૩૯, ફા.પ્લોટ નં.૯૬ ખાતે સુએઝ પમ્પીંગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ (૩) ઉગત બોટનીકલ ગાર્ડનની સામે, ભેંસાણ રોડ ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની લોકાર્પણવિધિ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩મી જાન્યુઆરી ૨૦૧૧ ના રોજ સવારે ૭.૩૦ કલાકે સુરત ડુમસ ગૌરવ પથ પર "સ્વર્ણિમ સુરત સીટી રન" નું આયોજન




"સ્વર્ણિમ ગુજરાત વર્ષ" માં પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૧ની રાજય કક્ષાની ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩મી જાન્યુઆરી ૨૦૧૧ના રોજ સવારે ૭.૩૦ કલાકે સુરત ડુમસ ગૌરવ પથ પર "સ્વર્ણિમ સુરત સીટી રન"નું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૫/૦૧/૨૦૧૧ ને મંગળવાર ના રોજ ગુજરાત રાજયના માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ



"સ્વર્ણિમ ગુજરાત વર્ષ"માં ૬૨માં પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૧ની રાજય કક્ષાની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૫/૦૧/૨૦૧૧ ને મંગળવાર ના રોજ ગુજરાત રાજયના માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે ડભોલી અને જહાંગીરપુરા વિસ્તારને જોડતા તાપી નદી ઉપર "ડો.શ્યામાપ્રસાદ મુખરજી" બ્રીજ, કવિશ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ "સ્નેહરશ્મિ" બોટનીકલ ઉદ્યાનની લોકાર્પણવિધિ તથા રીવરફ્રંટ પ્રોજેકટની ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૫/૦૧/૨૦૧૧ ને મંગળવાર ના રોજ ગુજરાત રાજયના માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન



સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત તેમજ ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા. ૨૫/૧/૨૦૧૧ના રોજ મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ૬૨ માં પ્રજાસત્તાક પર્વ "સ્વર્ણિમ રાજય મહોત્સવ" ની ઉજવણી અંતર્ગત તા. ૨૪/૧/૨૦૧૧ ના રોજ લોકડાયરાનું આયોજન



"સ્વર્ણિમ ગુજરાત વર્ષ" માં ૬૨ માં પ્રજાસત્તાક દિનઃ ૨૬મી જાન્યુઆરી ૨૦૧૧ની રાજય કક્ષાની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૪.૧.૨૦૧૧ના સોમવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં લલિતા ચોકડી, કતારગામ, સુરત ખાતે રાત્રે ૮.૦૦ કલાકે ગુજરાતી લોક કલાકારવૃંદ દ્વારા પ્રસ્તુત લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૧/૦૧/૨૦૧૧ ના રોજ કતારગામ ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા. ૨૧/૧/૨૦૧૧,શુક્રવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં (૧) બળીયાદેવ મંદિરની સામે,કોસાડ ગામ ખાતે ઓવરહેડ ટાંકીની ખાતમુહૂર્તવિધિ (૨) રજવાડી પાર્ટી પ્લોટની સામે,કોસાડ ખાતે ઓવરહેડ ટાંકીની ખાતમુહૂર્તવિધિ (૩) કોસાડ EWS આવાસ ખાતે એચ–૨ માં પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ (૪) કોસાડ EWS આવાસ ખાતે એચ–૩ માં પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ શ્રી રમણલાલ વોરા, મા.મંત્રીશ્રી, શિક્ષણ(પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજયના વરદહસ્તે તથા મા.મેયરશ્રી શ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)ના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ હતી.





મુખ્ય સમારંભની શરૂઆત સ્વાગતગીતથી કરવામાં આવી હતી.

શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા,માન.તત્કાલીન કેબીનેટ મંત્રીશ્રી,કૃષિ અને સહકાર,ગુજરાત રાજયએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે મેયરશ્રી રાજુભાઈ દેસાઈએ પોતાના પ્રવચનમાં વંદે સૂરતની જે વાત કરી એ શબ્દ મારાપણાની લાગણી વ્યકત કરે છે. જયાં મારાપણાની ભાવના હોય ત્યાં સારું થાય તો આનંદ થાય અને ખરાબ થાય તો દુ:ખ થાય. આઝાદી પછીના શાસનની લાંબેગાળે જનતા પર અસર પડી છે. આજે મારાપણાંનો ભાવ ઘટતો ગયો અને મારે શું એવો ભાવ જન્મવા લાગ્યો જે નુકશાનકર્તા છે. પહેલાં રાષ્ટ્રીય કાર્યક્રમોની ઉજવણી સરકારી રીતે કરવામાં આવતી હતી. આઝાદી મેળવવા માટે આપણા ક્રાંતિકારીઓએ જે બલિદાન આપ્યું તે વિસરાતું ગયું. જે ભાવનાને જીવંત કરવા મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય કાર્યક્રમોનું આયોજન વિવિધ જીલ્લાઓમાં કરી જનતાને સહભાગી બનાવવાનું નકકી કર્યુ. જેનાંથી જનતામાં મારો દેશ,મારું રાજય, મારું શહેર એવી એક મારા પણાની લાગણી ઉભી થઈ અને પ્રજામાં જાગૃતિ આવી અને તેના પરિણામે ગુજરાત દેશનું અગ્રીમ રાજય બન્યું. મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ગ્લોબલ વોર્મીંગની સમસ્યાના નિરાકરણ અર્થે પણ સાચી દિશા બતાવી જેના ભાગરૂપે સુરતને ઈકોસીટી બનાવવા માટે જાપાનના લોકો આગળ આવ્યા છે.

**Continue …**

શ્રી રમણલાલ વોરા,મા.મંત્રીશ્રી,શિક્ષણ(પ્રાથમિક,માધ્યમિક,પ્રૌઢ),ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ,ગુજરાત રાજયએ ગરીબોના હમદર્દ એવા મા.મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં ૩૫૦ જેટલા ગરીબ કલ્યાણમેળાઓનું આયોજન કર્યુ. જેનાં લાભ ગરીબોને સીધે સીધો મળી શકશો. ખેલ મહાકુંભના આયોજન ધ્વારા રાજયની ખેલ પ્રતિભાઓને બહાર લાવ્યા. ગુજરાતમાં એક જ જગ્યાએ ૨૦,૦૦૦ જેટલા રમતવીરોએ ચેસ સ્પર્ધામાં ભાગ લઈ ગુજરાતને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન મળ્યું. પર્યાવરણ સમતોલન માટે રાજયમાં ઠેર ઠેર વૃક્ષારોપણના કાર્યક્રમો કરવામાં આવ્યા.

સુરત મહાનગરપાલિકાના શાસકો અને વહીવટીતંત્રથી દીર્ઘદષ્ટિથી શહેરનો અવિરત વિકાસ થઈ રહયો છે. જે અભિનંદનીય છે.

મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ એ.દેસાઈએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે કતારગામ ઝોનના નવા સમાવિષ્ટ વિસ્તારમાં રૂા.૫ કરોડ ૪૨ લાખના અનેકવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ મા.મંત્રીશ્રીના વરદહસ્તે કરવામાં આવી. મંત્રીશ્રીએ સુરતને ખુબસુરત બનાવવાના અમારા સંકલ્પને પ્રેરણા પુરી પાડી છે. ભવિષ્યમાં પણ સુરત મહાનગરપાલિકા એની વિકાસયાત્રા અવિરતપણે આગળ ધપાવશે એમ જણાવી આ કાર્યમાં એમનો સહકાર માંગ્યો હતો. હવે પછીના ઉજવણીના કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લેવા માટે લોકોને હાકલ કરી હતી.



આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત શાસક પક્ષના નેતાશ્રી દયાશંકરસિંગે આગામી પ્રજાસત્તાક પર્વ નિમિતે યોજાનાર વિવિધ કાર્યક્રમોની માહિતી આપી તમામ કાર્યક્રમોમાં જનતાના સહકારથી કાર્યક્રમની ઉજવણીની અપીલ કરી હતી.

આ પ્રસંગે શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, મા.અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિએ ઉપસ્થિત મહાનુભાવો તથા શહેરી જનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ તેમજ અન્ય મહાનુભાવો, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૧/૦૧/૨૦૧૧ ના રોજ રાંદેર ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ






"સ્વર્ણિમ ગુજરાત વર્ષ"માં ૬૨માં પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૧ની રાજય કક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૧/૦૧/૨૦૧૧ને શુક્રવારના રોજ રાંદેર ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાર્તમુહુર્ત અને લોકાપર્ણ વિધિ ગુજરાત રાજયના આરોગ્ય અને પરીવાર કલ્યાણ, પ્રવાસન, યાત્રાધામ વિગેરેના મા. મંત્રીશ્રી જયનારાયણ વ્યાસના વરદ હસ્તે સંપન્ન થઈ હતી. જેનો મુખ્ય સમારોહ સાંજે ૬.૩૦ કલાકે વેસ્ટઝોનમાં તાડવાડી ખાતે બનેલ નવી વહીવટી ઓફિસ(ઝોન ઓફિસ)ની ઉદઘાટન વિધિ બાદ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાએ સર્વેને આવકારતા સુરત શહેરમાં ૨૧ દિવસમાં કુલ ૭૩ પ્રકલ્પોના ૪૫૨ કરોડના ખર્ચે થનાર વિવિધ પ્રકલ્પોના લોકાપર્ણ / ખાતમુહુર્તની વિગત આપી સામાન્ય સુવિધા ઉપરાંત સીનીયર સીટીઝનો માટે હોલ, કેબલ સ્ટ્રેઈડ બ્રીજ, ગુજરાત ગેસ સર્કલ પાસે ફલાય ઓવર, સંજીવકુમાર ઓડીટોરીયમ, પર્ફોર્મીંગ સેન્ટર, મરીન એકવેરીયમ, રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ વિગેરેનો વિશિષ્ટ પ્રકલ્પોનો ઉલ્લેખ કરી રાંદેર ઝોન વિસ્તારના૧૮ વર્ષ પૈકી છેલ્લા ૫ વર્ષમાં થયેલ વિકાસની હરણફાળ વર્ણવી હતી. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે ૬૨માં પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની ઉજવણી સુરત ખાતે થઈ રહી હોય અને મહામહીમ રાજયપાલશ્રીના વરદ હસ્તે ૨૬ મી જાન્યુઆરીનો કાર્યક્રમ મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતીમાં થનાર હોય તેને સુરતનું અહોભાગ્ય ગણાવી મા.મંત્રીશ્રી જયનારાયણ વ્યાસને એક જીવંત રેડીરેકનર તરીકે વર્ણવ્યા હતા અને માર્ચ ૨૦૧૨ સુધીમાં સુરત શહેરમાં સમાવેશ થયેલ નવા વિસ્તારોને વધુમાં વધુ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તેની ખાતરી આપી હતી. સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે આ ઉજવણીમાં ૪૬ ટીમો છેલ્લા ૧૦ દિવસથી શહેર અને જીલ્લામાં કાર્યરત રહી એક અલગ પ્રકારનો સ્વયંભુ ઉમળકોનો ઉલ્લેખ કરી તમામ નગરજનોને આ ઉજવણીમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.



વિવિધ પ્રકલ્પોના ખાર્તમુહુર્ત / લોકાપર્ણ કર્તા મા.મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે પોતાની અલાયદી શૈલીમાં સુરત સાથેના ૧૯૬૩ થી થયેલ નાતાનો ઉલ્લેખ કરી સુરત શહેરની વિકાસયાત્રાના વિવિધ તબકકાઓનો ચિતાર આપ્યો હતો. દેશના વિવિધ ક્ષેત્રના વિકાસમાં ગુજરાતે આપેલા સિંહફાળાનો ઉલ્લેખ આંકડાકીય માહિતીઓ સાથે વર્ણવ્યો હતો. તથા આવનાર દિવસોમાં પ્રવાસન ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે લેવામાં આવનાર વિવિધ પગલાઓનો ઉલ્લેખ કરી આરોગ્ય ક્ષેત્રમાં પણ રાજયનાં અંતરાળ વિસ્તારોમાં સામાન્ય માણસને પુરી પાડવામાં આવતી આરોગ્ય લગતી વિવિધ સેવાઓનો ઉલ્લેખ કર્યો હતો. મા.મુખ્યમંત્રીશ્રી દ્વારા હાલમાં થયેલ પાંચમાં વાઈબ્રન્ટ ગુજરાતનો ઉલ્લેખ કરી કે જેમાં ૧૧૦ દેશના પ્રતિનિધિ અને દેશના ૧૦ થી વધુ રાજયના પ્રતિનિધિઓ દ્વારા ૮૦૦૦ પ્રોજેકટોના એમ.ઓ.યુ. સંપન્ન થયા હતા જેને કારણે આવનાર દિવસોમાં બાવન લાખથી વધુ રોજગારીની તકો ઉભી થવાનું જણાવ્યું હતું. સુરત મહાનગરપાલિકા દ્વારા ઝુંપડપટીમાં રહેનાર સામાન્ય માણસને શીફટીંગ દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિતના પાકા મકાનોની સગવડ ઉભી કર્યા બદલની વિશિષ્ટ કામગીરી માટે ધન્યવાદ આપ્યા હતા. તથા રાજય દ્વારા ટુરીઝમ ક્ષેત્રમાં મેડીકલ ટુરીઝમ અને વિવિધ ધર્મસ્થળોના થનાર વિકાસ, મેડીકલના અભ્યાસ માટે સીટોમાં કરવામાં આવેલ વધારો, રાજયના વિવિધ શહેરોમાં બી.આર.ટી.એસ. પ્રોજેકટ હેઠળ પરીવહનની ઉપલબ્ધ કરાવવામાં આવેલ સુવિધા વિગેરેની વિગતો આપી હતી. અને અંતમાં ૬૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે તમામને શુભેચ્છા પાઠવી હતી. અંતમાં મ્યુ.સદસ્યશ્રી નિરવભાઈ શાહએ ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો. આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીગણ અને નગરજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૧/૦૧/૨૦૧૧ ના રોજ લિંબાયત ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ





સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા. ૨૧/૧/૨૦૧૧,શુક્રવારના રોજ લિંબાયત ઝોન વિસ્તારમાં (૧) ભાઠેના નહેર જંકશન,ભાઠેના ખાતે JnNURM યોજના હેઠળ BRTS અન્વયે કેનાલ કોરીડોર અંતર્ગત ખરવરનગર જંકશનથી સીમાડા સુધી રોડ ડેવલપ કરવાની ખાતમુહૂર્તવિધિ (૨) સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,આંજણા ફાર્મ,આંજણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે JnNURM અંતર્ગત SCADA (Supervisory Control & Data Acquisition) સિસ્ટમની લોકાર્પણવિધિ (૩) ટી.પી.સ્કીમ નં.૩૩,ફા.પ્લોટ નં.૧૧૦(આર–૧૬),રામબાગ પેલેસ,ટોરેન્ટ–ડી, સ્ટેશનની સામે,ડુંભાલ ખાતે સ્વીમીંગ પુલની લોકાર્પણવિધિ (૪) સરસ્વતી હિંદી વિદ્યાલય,પરવટ બ્રિજની પાસે,પરવટ–ગોડાદરા ખાતે સુએઝ પમ્પીંગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ (૫) ન.પ્રા.શાળા નં.૨૦૩ પાસે, રણછોડ નગરની સામે,ગોડાદરા–ડીંડોલી રોડ,ડીંડોલી ડબલ રેલ્વે ફાટક પાસે સુએઝ પમ્પીંગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ (૬) રાજીવનગર,સુભાષ ચોક,લિંબાયત ખાતે ટ્રાફિક આઈલેન્ડની ખાતમુહૂર્તવિધિ શ્રી મંગુભાઈ પટેલ,મા.મંત્રીશ્રી,આદિજાતિ વિકાસ,વન અને પર્યાવરણ,ગુજરાત રાજયના વરદહસ્તે તથા મા.મેયરશ્રી શ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)ના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ હતી.

મુખ્ય સમારંભની શરૂઆત સ્વાગતગીતથી કરવામાં આવી હતી.

નીલગીરી સર્કલ,લિંબાયત ખાતે યોજાયેલ મુખ્ય સમારંભમાં મા.મંત્રીશ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજયના જુદા જુદા ૯ જેટલા મંત્રીશ્રીઓ સુરત શહેર જીલ્લામાં ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના કાર્યક્રમો કરી રહયા છે. તા. ૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે સુરત શહેરમાં સરકારી ઈમારતો ઉપર રોશની કરવામાં આવશે. લોકોને પોતાના ઘરોને રોશનીથી શણગારવા અપીલ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યં તું કે છેલ્લા ૨ વરસથી રોજગારી આપવામાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રિમ છે. જે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રિમ છે. જે ગુજરાતનો વિકાસ દર્શાવે છે. ૧૦૪ દેશોના પ્રતિનિધિઓએ ગુજરાતમાં આવી એમઓયુ કર્યા. જેનાથી ૫૨ લાખ જેટલા લોકોને રોજગારી મળવાનો અંદાજ છે જે મા.મુખ્યમંત્રીશ્રી દીર્ઘદષ્ટિનું પરિણામ છે. છેવાડાના ગામોને પણ વિકાસનો લાભ મળે તે માટે સરકાર પ્રયત્નશીલ છે. એમ જણાવ્યું હતું. ખેલ મહાકુંભના આયોજનથી સંઘભાવના પેદા થશે. યુવાનોમાં રહેલી રમતની સુષુપ્ત વ્યકિતઓ બહાર આવશે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

મા.મેયરશ્રીએ જણાવ્યું હતું કે અંદાજે ૭૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ખરવરનગર જંકશનથી સીમાડા સુધીના ખચતક અન્વયે કેનાલ કોરીડોર રોડનું ખાતમુહૂર્ત મા.મંત્રીશ્રીએ કર્યુ જેનાથી પરિવહનની સુવિધામાં વધારો થશે. તા. ૨૩/૧/૨૦૧૧ના રોજ આયોજિત સીટીરનનો કાર્યક્રમ એક ઐતિહાસિક કાર્યક્રમ બની રહે તે માટે સૌને ઉત્સાહભેર જોડાવા માટે અપીલ કરી હતી.

મા.ડે.કમિશ્નરશ્રી(પ. અને ઈ.)એ પોતાના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે ૬૨ માં પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની ઉજવણી સુરત ખાતે થનાર છે. તેના પરિપ્રેક્ષ્યમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૬/૧/૨૦૧૧થી ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના વિવિધ કાર્યક્રમો થઈ રહયા છે. તેનો ચિતાર આપ્યો હતો. સુરત મહાનગરપાલિકા લોકોપયોગી વિકાસકાર્યો કરવા હંમેશા પ્રયત્નશીલ છે એમ જણાવી આ વિકાસકાર્યોમાં સૌનો સહકાર માંગ્યો હતો.




આ પ્રસંગે મા.ડે.મેયરશ્રીમતિ છાયાબેન ભુવાએ ઉપસ્થિત મહાનુભાવો તથા શહેરી જનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે મા. સાંસદ શ્રી સી.આર.પાટીલ, મા. સાંસદશ્રી રાજયસભા શ્રી પ્રવિણભાઈ નાયક, મા. ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ તેમજ અન્ય મહાનુભાવો, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૨/૦૧/૨૦૧૧ ના રોજ કતારગામ ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા. ૨૨/૧/૨૦૧૧, શનિવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં (૧) અમરોલી–છાપરાભાઠા મેઈન રોડ ગોપીનાથ સોસાયટી પાસે ખાડી પર આવેલ હયાત પુલની બંને બાજુ તેમજ તેની જગ્યાએ નવા પુલની ખાતમુહૂર્તવિધિ (૨) અમરોલી – સાયણ રોડ પર ગણેશપુરા પોલીસ ચોકી પાસે ખાડી પર આવેલ હયાત પુલની બંને બાજુ તેની જગ્યાએ નવા પુલની ખાતમુહૂર્તવિધિ (૩) ટી.પી.૧૯,ફા.પ્લોટ નં.૧૭૯ લલીતા ચોકડી પાસે,કતારગામ ખાતે પ્રાથમિક શાળાની ખાતમુહૂર્તવિધિ શ્રી ફકીરભાઈ વાઘેલા,મા.મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા,(અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત)રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત રાજય તથા મા.મેયરશ્રી શ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)ના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ હતી.

મુખ્ય સમારંભની શરૂઆત સ્વાગતગીતથી કરવામાં આવી હતી.

મા.મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતુ કે રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી ગુજરાતમાં અલગ રીતે થઈ રહી છે. એ પ્રમાણે કોઈ પણ રાજય કરી રહયું નથી. પહેલા કાર્યક્રમો સિમિત કક્ષાએ થતા હતા. મા.મુખ્યમંત્રીશ્રીએ કાર્યક્રમને લોકો વચ્ચે લઈ ઉજવવાનું શરૂ કર્યુ. જિલ્લા અને તાલુકા લેવલ ઉપર કાર્યક્રમો થવા લાગ્યા. આજના ૩ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ પાછળ ૧૨ કરોડ ખર્ચાશે. મા.મુખ્યમંત્રીશ્રી જયા જાય ત્યા વિકાસનો ધોધ લઈને જતાં હોય છે. સુરત જીલ્લામાં ૧૧૫૦ કરોડના કામો હાથ ધરાનાર છે. જે પૈકી ૭૩ કામોના સુરત મહાનગરપાલિકા ધ્વારા ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિ પાછળ ૪૫૨ કરોડના ખર્ચ થનાર છે. સુરતની બદલાયેલી રોનક માટે નાગરિકનો સહકાર પણ અગત્યનો છે. વિકાસ સાથે સ્વર્ણિમ વર્ષને જોડી ૫૦ વર્ષ જોડી અને ૫૦ ગોલ્ડન ગોલ નકકી કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ણિમ વર્ષમાં જે લોકો ઘરવિહોણા છે જે પૈકી બીપીએલ હેઠળ એકપણ વ્યકિત ઘર કે પ્લોટ વગર ન રહે એવા આપણે કાર્યો કર્યા છે. ગતવર્ષે ૩ લાખ ૫૨ હજાર પ્લોટો આ હેઠળ આપ્યા. ગરીબ પણ સ્વમાનભેર કમાઈ જીવી શકે એ મુજબ વિકાસ સમતોલન રીતે થઈ રહયો છે. ૨૪ મી ડિસેમ્બર ૨૦૧૦ ના રોજ જીએમડીસીના ગ્રાઉન્ડ ઉપર ૨૦ હજાર ખેલાડીઓ ચેસ સાથે રમ્યા. ૧૩ લાખ ૫૦ હજાર રમતવીરો ૫૦ હજાર રેફરીઓ સાથે એક જ મેદાન ઉભા રહયા તે એક રેકોર્ડ છે. વૃક્ષારોપણ એક સાથે અમદાવાદ યુનિવર્સીટી ગ્રાઉન્ડ ઉપર ૧૧ લાખ વૃક્ષો વાવીને એક રેકર્ડ તોડયો. એક સાથે ૬૦ લાખ લોકોએ એક સાથે સહવાંચન કર્યુ. ૫૬૦૦ જાતની વાનગી ભગવાનને ભોગ ધરાવવામાં આવી. નવયુવાનોએ ૧૦૦ કલાકનું સમયદાન ૫ લાખ લોકોએ કર્યુ. જે પણ એક રેકોર્ડ તોડયો છે. જે વહીવટી તંત્રએ સાથ સહકાર આપ્યો છે તે બદલ આપસૌનો ખુબ ખુબ આભાર માનું છું.

અમરોલી–છાપરાભાઠા મેઈન રોડ ગોપીનાથ સોસાયટી પાસે ખાડી પર આવેલ હયાત પુલની બંને બાજુ તેમજ તેની જગ્યાએ નવા પુલની કુલ લંબાઈ(એપ્રોચ સહિત) ૭૦.૨૮ મીટર તથા પહોળાઈ ૩૧.૭૦ મીટરમાં( ૩ લેન અપ, ૩ લેન ડાઉન) બંને બાજુ ફુટપાથ તથા સર્વિસ સ્લેબનો સમાવેશ કરવામાં આવેલ છે. જે અંદાજે ૬.૩૮ કરોડના ખર્ચે તૈયાર થશે.

અમરોલી – સાયણ રોડ પર ગણેશપુરા પોલીસ ચોકી પાસે ખાડી પર આવેલ હયાત પુલની બંને બાજુ તેની જગ્યાએ નવા પુલની કુલ લબાંઈ(એપ્રોચ સહિત) ૬૫.૦૨૮ મીટર તથા પહોળાઈ ૩૬.૭૦ મીટરમાં( ૩ લેન અપ, ૩ લેન ડાઉન) બંને બાજુ ફુટપાથ,સાયકલ ટ્રેક તથા સર્વિસ સ્લેબનો સમાવેશ કરવામાં આવેલ છે. જે અંદાજે ૪.૬૬ કરોડના ખર્ચે તૈયાર થશે.

ઉપરોકત પુલોના આયોજન થવાથી ભવિષ્યમાં વાહનવ્યવહાર અને રાહદારીઓને આવવા અને જવા માટે પુરતી પહોળાઈમાં ખાડી પર રસ્તો ઉપલબ્ધ થશે. અને આ વિસ્તારની લાંબા સમયની ટ્રાફિક સમસ્યાનું નિવારણ થશે. તેમજ તાપી નદીના ઉત્તર કાંટે વસેલ શહેર અને ગ્રામ્ય વિસ્તારના અંદાજે ૨ થી ૨.૫૦ લાખ વસ્તીને આનો લાભ મળશે. તથા તેને કારણે પ્રદુષણમાં ઘટાડો અને ઈંધણનો બચાવ થશે.

મા.શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે તા. ૬ થી ૨૬ મી જાન્યુઆરી સુધી વિવિધ પ્રકલ્પોની મંત્રીશ્રીઓ ધ્વારા ઉદઘાટન/લોકાર્પણવિધિ ધ્વારા લોકોની સુખાકારી માટે વધારો થઈ રહયો છે. અને સુરત મહાનગરપાલિકા પણ પ્રજાના વિકાસ માટે સતત ચિંતાશીલ છે. અને સમતોલ વિકાસ માટે કટિબધ્ધ છે.

મા.ડે.કમિશ્નરશ્રી(પ. અને ઈ.) તેમના પ્રવચનમાં જણાવ્યું કે ગુજરાત રાજયમાં વિવિધ પ્રોગ્રામો થઈ રહયા છે. આજ રોજ કતારગામ ઝોન ખાતે ૩ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ પાછળ ૧૨ કરોડ ખર્ચાશે. આ વિસ્તારના પ્રજાજનો નો વિકાસના કામોમાં ખુબ સાથ મળી રહયો છે.




આ પ્રસંગે મા.ડે.મેયરશ્રીમતિ છાયાબેન ભુવાએ ઉપસ્થિત મહાનુભાવો તથા શહેરી જનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે મા.સાંસદશ્રી રાજયસભા શ્રી પ્રવિણભાઈ નાયક, મા.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તેમજ અન્ય મહાનુભાવો, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૨/૦૧/૨૦૧૧ ના રોજ રાંદેર ઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં, ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા. ૨૨/૧/૨૦૧૧, શનિવારના રોજ રાંદેર ઝોન વિસ્તારમાં (૧) વરીયાવ ગામ પાસે,ટી.પી.૩૭, ફા.પ્લોટ નં.૧૦૪ ખાતે સુએઝ પમ્પીંગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ (૨) વરીયાવ ગામ પાસે,ટી.પી.૩૯, ફા.પ્લોટ નં.૯૬ ખાતે સુએઝ પમ્પીંગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ (૩) ઉગત બોટનીકલ ગાર્ડનની સામે, ભેંસાણ રોડ ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની લોકાર્પણવિધિ (૪) શ્રીજીનગરી સોસાયટીની સામે, જહાંગીરબાદ બ્લોક નં.૨૯/૨ પૈકી ચોથા વર્ગના કામદારો માટે સ્ટાફ કવાર્ટસની ખાતમુહૂર્તવિધિ (૫) નૂતન રો હાઉસ પાસે, પાલ, ટી.પી.સ્કીમ નં.૧૦(પાલ), ફા.પ્લોટ નં.૧૯૭, ગોપીનાથ સોસાયટી સામે ગાર્ડનની ખાતમુહૂર્તવિધિ શ્રી સૌરભભાઈ પટેલ,રાજયકક્ષાના મા.મંત્રીશ્રી,નાગરિક ઉડ્ડયન,કુટિર ઉદ્યોગ,મીઠા ઉદ્યોગ,છાપકામ અને લેખન સામગ્રી, (સ્વતંત્ર હવાલો) ઉદ્યોગ,ખાણ,ખનીજ,આયોજન,નાણાં,ઉર્જા અને પેટ્રો કેમીકલ્સ,ગુજરાત રાજયના વરદહસ્તે તથા મા.મેયરશ્રી શ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)ના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ હતી.






મુખ્ય સમારંભની શરૂઆત સ્વાગતગીતથી કરવામાં આવી હતી.

મા.મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે ઉજવણી કરવા મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો. અત્યાર સુધી ૧૫ મી ઓગષ્ટ,૨૬ મી જાન્યુઆરી, ૧ લી મે ઉજવણી ફકત ગાંધીનગર/અમદાવાદમાં થતી હતી. ઉજવણી ઔપચારિક બની રહેતા મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો કે વિકાસ કરવો હોય તો તેમાં પ્રજાને ભાગીદાર બનાવો. તેમણે જનશકિતને ઓળખી. એટલે એ ઉજવણી વિવિધ વિસ્તારોમાં કરવાનું નકકી કર્યુ. લોકોમાં આવા પર્વો ઉજવવાની જાગૃતિ આવી છે. આજે ૨૫ કરોડના ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના કામો થયા. જે પૈકી વેસ્ટઝોનમાં ૨ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામો થયા જેનાથી ગંદકીનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થઈ શકશે. ખાતર બનશે. સુરત મહાનગરપાલિકાના વિકાસના કામોને બિરદાવ્યા. ગુજરાત સરકારે વહીવટમાં પારદર્શિતા લાવીને આ વહીવટથી ગુજરાત નં.૧ બન્યું છે. રોજગારીનું કેન્દ્ર બન્યું છે. શહેરો વધે એટલે તેને જરૂરી સુવિધાઓ આપવા માટે ગુજરાત સરકારે આયોજનો કર્યા છે. મુખ્યમંત્રીએ આવકના છીંડા પુરી આવક વધારી છે. અત્યારસુધી દેશમાં વાઈબ્રન્ટ ગુજરાત જેવો કોઈ કાર્યક્રમ અગાઉ થયો નથી. જે ગુજરાતની ઈમેજ કેવી છે તે દર્શાવે છે. વિદેશીઓ સાથે ૨૧ લાખ કરોડના એમઓયુ થયા. તે દીર્ઘદષ્ટિનું પરિણામ છે. સૌથી વધુ એમઓયુ શિક્ષણક્ષેત્રે થયા છે. પરદેશની શૈક્ષણિક સંસ્થાઓએ ગુજરાતની માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓ જોડે એમઓયુ કર્યા જેનાથી જ્ઞાનનું આદાન પ્રદાન થશે.

**Continue …**




ગુજરાતના મોટા શહેરો જ નહી ગામડાઓમાં પણ સર્વાંગી વિકાસ થઈ રહયો છે. અમે સર્વાંગી વિકાસને વરેલા છીએ. સુરત જે ઝડપે વિકસી રહયું છે તેનો લાભ સ્થાનિક પ્રજા જ નહી પણ સમગ્ર દેશને તેનો લાભ મળશે. સુરતના વિકાસમાં જરૂરી એવી તમામ સુવિધાઓ આપવા માટે ગુજરાત સરકાર કટિબધ્ધ છે. સુરતના વિકાસ બદલ સંકળાયેલા સૌને ધન્યવાદ આપ્યા.

મા.મેયરશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ઈન્ડિયા ટુડેના સર્વે મુજબ દેશના શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ ઉભરી આવ્યા છે. આજના વિવિધ પ્રકલ્પોની માહિતી આપી. શાસકો લોકોની અપેક્ષા સંતોષવામાં ખરા ઉતર્યા છે. આગામી વરસોમાં વિકાસશીલ પ્રોજેકટો કરવા સંકલ્પબધ્ધ છીએ.

મા.અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશ દલાલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ૬૨ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિના કાર્યક્રમો થઈ રહયા છે. જેના ભાગરૂપે વેસ્ટઝોનમાં ૪ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ તથા ૧ પ્રકલ્પની લોકાર્પણવિધિના કાર્યક્રમો થયા. ગુજરાતમાં ઉર્જાક્ષેત્રે ઉત્પાદન વિતરણ વ્યવસ્થાપનને પ્રજાલક્ષી અને કાર્યક્ષમ બનાવવાનું શ્રેય મા.મંત્રીશ્રીને જાય છે. આ વિસ્તારના વિકાસ માટે મહાનગરપાલિકા કટિબધ્ધ છે. આ વિસ્તારની કાયાપલટ થઈ છે. એક પુલને કારણે પહેલા પરિવહનની સમસ્યા હતી. આજે પુલોની હારમાળા ઉભી થઈ છે. પરિવહન સરળ બન્યું છે. ૩ કોમ્યુનીટી હોલ થયા છે. નવા વિસ્તારને પ્રાથમિક સુવિધા આપવા કટિબધ્ધ છીએ. સુરતનો પ્રથમ તબકકાનો વિકાસ પુરો થયો. બીજા તબકકાના ૫ વર્ષમાં વિકાસ વેગવાન બનાવવાની જવાબદારી મહાનગરપાલિકાની છે. સુરતને વૈશ્વિક કક્ષાનું શહેર બનાવવાની જવાબદારી અમારી છે. અને એ દિશામાં કામ કરી રહયા છે. અને આવનારા દિવસોમાં પાલના તળાવનું નવસર્જન કરવાનું આયોજન કરી રહયા છે. પ્રજાના સહકારને કારણે વિકાસ શકય બન્યો છે. જે બદલ વહીવટીતંત્રને અભિનંદન આપું છું. મેરેથોન દોડમાં ભાગ લેવા અનુરોધ કર્યો. મુખ્યમંત્રીશ્રી ધ્વારા કરવામાં આવનાર કાર્યક્રમની રૂપરેખા આપી. આ તમામ કાર્યક્રમોમાં હાજર રહી તેમની વાણીનો લાભ લેવા જણાવ્યું.

મા.ઈ.ચા.ડે.કમિશનરશ્રી(સી) તેમના પ્રવચનમાં જણાવયું હતું કે વિવિધ પ્રસંગે આજે વેસ્ટ ઝોનમાં ૪ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને ૧ પ્રકલ્પનું લોકાર્પણ થયું. સૌ મહાનુભાવોનું સ્વાગત કરું છું. મહાનગરપાલિકામાં વેસ્ટ ઝોન તા. ૧/૫/૧૯૯૨ થી શરૂઆત થઈ. મોડલ ઝોન તરીકે શરૂ કરવામાં આવેલ આ ઝોનમાં છેલ્લા ૫ વર્ષમાં ૧૫૦ કરોડના પ્રોજેકટો થયા છે. આ વિસ્તારમાં વિકાસને અનુરૂપ ઈન્ફ્રાસ્ટકચર ઉભુ કરવામાં આવી રહયું છે. ત્યારબાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત થયું.

આ પ્રસંગે શ્રી પ્રવિણભાઈ પટેલ,મ્યુ.સદસ્યશ્રીએ ઉપસ્થિત મહાનુભાવો તથા શહેરી જનોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા તેમજ અન્ય મહાનુભાવો, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**TOP**

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩મી જાન્યુઆરી ૨૦૧૧ ના રોજ સવારે ૭.૩૦ કલાકે સુરત ડુમસ ગૌરવ પથ પર ''સ્વર્ણિમ સુરત સીટી રન'' નું આયોજન






''સ્વર્ણિમ ગુજરાત વર્ષ'' માં પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૧ની રાજ્ય કક્ષાની ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩મી જાન્યુઆરી ૨૦૧૧ના રોજ સવારે ૭.૩૦ કલાકે સુરત ડુમસ ગૌરવ પથ પર ''સ્વર્ણિમ સુરત સીટી રન''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ દોડમાં ૭ થી ૧૫ વર્ષના બાળકો ૩૫ થી ૬૦ વર્ષ સુધીની મહિલાઓ અને ૬૦ વર્ષથી ઉપરના તમામ વરિષ્ઠ નાગરીકો માટે કારગીલ ચોકથી શરૂ કરી ભાવિદર્શન કોમ્પલેક્ષ જુના પેટ્રોલ પંપ પાસે, સુરત ડુમસ ગૌરવ પથ સુધી ૩.૫ કી.મી. તથા ૧૫ થી ૩૫ અને ૩૬ થી ૬૦ વર્ષના પુરૂષ વય માટે એસ.વી.એન.આઈ.ટી. કોલેજ ગ્રાઉન્ડ ઉપરથી શરૂ કરી ભાવિદર્શન કોમ્પલેક્ષ જુના પેટ્રોલ પંપ પાસે, સુરત ડુમસ ગૌરવ પથ સુધી ૪.૫ કી.મી.ના અંતરની દોડ રાખવામાં આવી હતી. આ બંન્ને સ્ટાર્ટ પાઈન્ટ ઉપર માન.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાકાંવાલા, ડે.મેયરશ્રીમતી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, કલેકટરશ્રી એ.જે.શાહ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, સહયોગી સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી અજોય ભટ્ટાચાર્ય, ડી–ટોક્ષ કોર્પોરેશન પ્રા.લી.ના મેનેજીંગ ડીરેકટરશ્રી ચેતનભાઈ કોન્ટ્રાકટર, એન–વિઝન એન્વાયરો એન્જીનીયર્સ પ્રા.લિ.ના નિહારભાઈ ડોકટર, વોકહાર્ટ હોસ્પીટલના સેન્ટર હેડ શ્રી હેમંત ભટ્ટનાગર, એસ.વી.એન.આઈ.ટી. કોલેજના રજીસ્ટ્રાર શ્રી એચ.એ.પરમાર, શ્રી કુબેરજી ડેવલોપર્સના શ્રી નરેશભાઈ અગ્રવાલ વિગેરે એ સંયુકત રીતે ફલેગ આપી રનનો શુભારંભ કરાવ્યો હતો.

આ ''સ્વર્ણિમ સુરત સીટી રન''ના તમામ વિભાગમાં પ્રથમ ત્રણ વિજેતાઓને પુરસ્કૃત કરવાનો ઈનામ વિતરણ સમારોહ દોડના ફીનીસીંગ પોઈન્ટ ભાવિદર્શન કોમ્પલેક્ષ જુના પેટ્રોલ પંપ પાસે, સુરત ડુમસ ગૌરવ પથ ખાતે યોજવામાં આવ્યો હતો. સન્માન સમારોહની શરૂઆતમાં મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાએ સ્પર્ધકો, નાગરીકો, બાળકો, સર્વેને આવકારી ૬૨માં પ્રજાસત્તાક દિનની રાજયકક્ષાની ઉજવણીમાં સહભાગી થવા આમંત્રીત કરી આજની આ સીટી રનમાં ઉમળકાભેર ભાગ લેવા બદલ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે અસલ સુરતીઓનો મીજાજ બતાવી આજની સ્વર્ણિમ સુરત સીટી રનમાં મોટી સંખ્યામાં ભાગ લેવા બદલ તમામનો આભાર માન્યો હતો. તથા રાજયકક્ષાની ઉજવણીમાં ગુજરાત રાજયના તમામ મંત્રીગણ દ્વારા સુરત શહેર અને જીલ્લામાં વિવિધ પ્રકલ્પોના ખાતમુહુર્ત / લોકાપર્ણ થઈ રહયા હોવાનું જણાવ્યું હતું. મા.સાંસદશ્રી સી.આર.પાટીલે પોતાના સ્વાસ્થ માટે જાગૃત સુરતીજનોને આ દોડમાં ભાગ લેવા બદલ આભાર માની હવે પછીના વિવિધ કાર્યક્રમોમાં પણ આટલા જ ઉત્સાહથી ભાગ લેવા અપીલ કરી હતી. શહેરના પ્રથમ નાગરીક મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે તા. ૬ ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન સુરત શહેરમાં ૭૩ પ્રકલ્પોની ખાર્તમુહુર્ત / લોકાપર્ણ દ્વારા ૪૩૨ કરોડના કામો થકી પ્રજાકિય વિવિધ સુવિધાઓમાં વધારો થવાનું જણાવ્યું હતું. મ્યુ.કમિશ્નરશ્રીની ટીમ દ્વારા આ સમય દરમ્યાન જે ઉત્કૃષ્ટ કામગીરી થઈ રહી છે તે બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.

Continue …

આ ''સ્વર્ણિમ સુરત સીટી રન'' માં કુલ ૨૦,૦૦૦ પુરૂષે / બાળકો અને ૪૦૦૦ જેટલા મહિલા / બાળકીઓએ નોંધણી કરાવી જે પૈકી અંદાજે ૨૨૦૦૦ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લઈ આ ઉજવણીમાં સહભાગી થયા હતા. પુરૂષે અને સ્ત્રીઓ માટે નીચે મુજબ ચાર વય જુથ મળી કુલ ૮ વિભાગમાં પ્રથમ ત્રણ સ્પર્ધકોને વિજેતા જાહેર કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. જેમાં દરેક વિભાગના પ્રથમ વિજેતાને ૨૧૦૦૦, દ્વિતિય વિજેતા ૧૫૦૦૦ અને તૃતિય વિજેતાને ૧૧૦૦૦ના રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર અને ટ્રોફી આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિભાગ | પુરૂષ | | | સ્ત્રી | | |
|---|---|---|---|---|---|---|---|
| | વયગ્રૂપ | પ્રથમ | દ્વિતીય | તૃતીય | પ્રથમ | દ્વિતીય | તૃતીય |
| ૧ | ૭ થી ૧૪ વર્ષ | સંજીવ બી. યાદવ | કરણ ડી. સેલર | જલ્પેશ જી. વાઘેલા | મધુર જી. સિરભાતે | ધ્રુવી કે. પટેલ | કર્ણિકા એ. ગુપ્તા |
| ૨ | ૧૫ થી ૩૫ વર્ષ | સેલર મયંક | રેતીવાલા દક્ષેશ | અક્ષય પ્રજાપતિ | પૂજા ચૌઋષી | કોમલ રેતીવાલા | ઉર્વશી સારંગ |
| ૩ | ૩૬ થી ૬૦ વર્ષ | જગદીશ સેલર | ચિરાગ સેલર | યોગેશ સેલર | પુનમ દલાલ | આશાબેન વાડીવાલા | ડૉ.મીના વાંકાવાલા |
| ૪ | ૬૦ વર્ષથી ઉપર | નરેશભાઈ ટાલીયા | શ્રવણકુમાર ગુપ્તા | જનકભાઈ લ્હાયવાલા | બકુલાબેન પટેલ | કુમુદબેન પટેલ | હેમાબેન ઈશ્વરલાલ |

સ્પર્ધકોની સગવડતા માટે સુરત મહાનગરપાલિકા દવારા **SVNIT** સર્કલથી સમગ્ર દોડના રૂટ ઉપર બેરીકેટીંગ તેમજ ઉધના મગદલ્લા રોડ તથા મગદલ્લા તરફથી આવતા તમામ વાહનો માટે યુનિવર્સીટીની સામે આવેલ એસ.વી.એન. આઈ. ટી. કોલેજના કેમ્પસ પાસેના પાર્કીંગ પ્લોટ તેમજ કારગીલ ચોક તરફ પણ જુદા જુદા ચાર જેટલા પાર્કીંગ પ્લોટ પર પાર્કીંગની સુવિધા આપવામાં આવી હતી. ઉપરાંત સમગ્ર રૂટ ઉપર સ્પર્ધકોના માર્ગદર્શન માટે જરૂરી સૂચના આપતા બેનરો, ૧૦૦–૧૦૦ મીટરના અંતરે તેમજ રૂટના બંને તરફ કર્મચારીઓ રાખવામાં આવ્યા હતા. તમામ સ્પર્ધકોને ટી–શર્ટ વિતરણ માટે અંદાજીત ૫૦૦ જેટલા અધિકારી/કર્મચારીઓના સ્ટાફ આ માટે કાઉન્ટર ટેબલ અને મંડપની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ રનમાં બાળકો/વડીલો ની સંખ્યા પણ વધુ પ્રમાણમાં હોય તેઓના વાલી/શિક્ષક કે અન્ય સંબંધીના સંપર્ક માટે ફીનીશીંગ પોઈન્ટ પર અલાયદા મંડપ તેમજ સ્ટાફની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.



આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્સ ગીફટ તરીકે સ્વર્ણિમના લોગો સાથે ટી–શર્ટ આપી હતી જેમાં શહેરની વિવિધ સંસ્થાઓ ડી – ટોક્ષ લિમીટેડ, એન–વિઝન લિમીટેડ, હંજર લિમીટેડ, વોકહાર્ટ હોસ્પીટલ, શ્રી કુબેરજી ડેવલોપર્સ તથા અન્ય વિવિધ સંસ્થાઓએ પોતાનું આર્થિક યોગદાન આપ્યું હતું. વોકહાર્ટ હોસ્પીટલ તથા શ્રી કુબેરજી ડેવલોપર્સ તરફથી પાણી અને લીંબુ પાણીની વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો. આ સમગ્ર આયોજન માટે સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રી/કર્મચારીઓ ન.પ્રા.શિ.સમિતિનીશાળા, સુમન શાળા સેલ અને અન્ય ખાનગી સંસ્થાના રમત – ગમત શિક્ષકો, ટીમ ભાવનાથી કામગીરી કરી આ ભગીરથ કાર્ય પાર પાડયું હતું. અંતમાં મા.ડે.મેયર શ્રીમતી છાયાબેન ભૂવાએ સર્વેનો આભાર માન્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૫/૦૧/૨૦૧૧ ને મંગળવાર ના રોજ ગુજરાત રાજયના માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ





''સ્વર્ણિમ ગુજરાત વર્ષ''માં ૬૨માં પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૧ની રાજય કક્ષાની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૫/૦૧/૨૦૧૧ ને મંગળવાર ના રોજ ગુજરાત રાજયના માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે ડભોલી અને જહાંગીરપુરા વિસ્તારને જોડતા તાપી નદી ઉપર ''ડો.શ્યામાપ્રસાદ મુખરજી'' બ્રીજ, કવિશ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ ''સ્નેહરશ્મિ'' બોટનીકલ ઉદ્યાનની લોકાર્પણવિધિ તથા રીવરફ્રંટ પ્રોજેકટની ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ હતી. જેનો મુખ્ય સમારોહ સવારે ૧૧.૧૫ કલાકે ''ડો.શ્યામાપ્રસાદ મુખરજી'' બ્રીજ, બ્રીજની બાજુમાં જહાંગીરપુરા, સુરત ખાતે યોજવામાં આવ્યો હતો.





સમારંભની શરૂઆતમાં પ્રાર્થનાગીત બાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈએ સર્વને આવકારી મા.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદી પોતે બે દિવસ માટે આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી માટે હાજર રહયા છે. તેને સુરતનું ગૌરવ ગણાવ્યું હતું. અને તમામ નગરજનોને હવે પછીના અન્ય કાર્યક્રમોમાં તથા ખાસ કરીને તા. ૨૬/૦૧/૨૦૧૧ના રોજ ચીકુવાડી, વરાછા રોડ, સુરત ખાતે મહામહિમ રાજયપાલ ડો.શ્રીમતી કમલાના વરદ હસ્તે માન.મુખ્ય મંત્રીની ઉપસ્થિતિમાં ધ્વજ વંદનના કાર્યક્રમ સંપન્ન થનાર છે જેમાં મોટી સંખ્યામાં હાજર રહી, ઉત્સવમાં સહભાગી થવા નિમંત્રીત કર્યા હતા.

ત્યારબાદ સુરત મહાનગરપાલિકા દ્વારા પોરબંદર જીલ્લાના ગોસા ગામે સુઝલોન એનર્જી કંપનીના સહયોગમાં ''વીન્ડ પાવર પ્રોજેકટ'' સંપન્ન કર્યો. જેનો આજરોજ માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ રીમોટ કંટ્રોલથી શુભારંભ કરાવ્યો હતો. આ પ્લાન્ટમાં તા. ૨૨/૦૧/૨૦૧૧ સુધી ૧૨.૩૮ લાખ યુનિટ વીજળીનું ઉત્પાદન થયું છે. જેને કારણે અંદાજીત વીજ બચત રૂા.૬૦.૫૦ લાખની થઈ છે. તથા સુરત મહાનગરપાલિકાની સંપૂર્ણ વીજળીની જરૂરીયાત આ ઉત્પાદનમાંથી પૂર્ણ થશે. અને ત્યારબાદ વધારાની વીજળીના વેચાણથી સુરત મહાનગરપાલિકાને વધારાની આવક થશે.

**Continue …**



માન. મુખ્ય મંત્રીશ્રીએ પોતાની આગવી છટામાં પ્રસંગોચિત્ત પ્રવચનમાં ''સ્વર્ણિમ ગુજરાત વર્ષ''માં ૬૨માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં જે ઉત્સાહ અને ઉમંગ નગરજનોએ દાખવ્યો છે. તેને માટે તમામ નગરજનોને અભિનંદન પાઠવી આભાર માન્યો હતો. તથા સુરતની આવતી કાલ જમીર અને ખમીર માટે ઓળખાશે. તેમ જણાવ્યું હતું. સુરત આમ પણ પર્વોની ઉજવણીમાં મોખરે રહયું જ છે તે મુજબ આ પંદર દિવસમાં આ રાષ્ટ્રીય પર્વને એક સાર્વજનિક કાર્યક્રમ તરીકે ઓળખ આપી સુરત શહેરમાં ૪૫૦ કરોડના ખર્ચે ૭૩ પ્રોજેકટ અને જીલ્લામાં ૬૫૦ કરોડના ખર્ચે અન્ય પ્રોજેકટોના લોકાર્પણ અને ખાતમુહૂર્તો સંપન્ન કરી એક અદ્વિતીય વિકાસયાત્રાનું દર્શન કરાવ્યું છે. આમ વિકાસના આખા વર્ષના પ્રોજેકટના કામો ફકત પંદર દિવસમાં આ નવા અભિગમને કારણે પૂર્ણ થયા છે તેમ જણાવ્યું હતું. આ લોકોત્સવ દરમ્યાન સુરત આખા રાજયની રાજધાની બન્યાનો માહોલ ઉભો થયો છે. તથા આના કારણે છેલ્લા વીસ વીસ વરસથી શહેર અને તાલુકાના જુના પડતર પ્રશ્નોનો નિકાલ આવ્યો છે. રાજયના નવ યુવાનોને ગરીબી સામે લડવા માટે જરૂરી ટ્રેનીંગ આપી રોજગાર પુરી પાડવા રોજગાર મેળાઓનું સુરત જીલ્લામાં આયોજન કરવામાં આવ્યું તથા સુરત જીલ્લાના આદીવાસીઓને તેઓના જમીનપટ્ટાના હકકો આપવામાં આવ્યા. અને ક્ષેત્રે ૧૦૦ % કામગીરી પૂર્ણ કરતો સુરત જીલ્લો પ્રથમ છે. આ બે ઉત્તમ સેવા બદલ તમામ અધિકારી ગણનો અંતઃકરણ પૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. આજે સાકારિત થયેલા ફલાય ઓવર બ્રીજને ''ડો.શ્યામાપ્રસાદ મુખરજી''નામ આપવામાં આવ્યું કે જેઓ આઝાદ હિન્દુસ્તાનના સૌપ્રથમ શહીદ જવાન હતા. જેઓએ કાશ્મીર માટે પોતાનું જીવન કુરબાન કર્યું હતું. ત્રિરંગાને દેશની આન, બાન અને શાન હોવાનું જણાવી તેની સાથે ખિલવાડ ન કરવા જણાવ્યું હતું. અને વિકાસની ઉચ્ચસીમાઓ હાંસલ કરી, ગરીબી સામેના જંગમાં જીતવાનો સંકલ્પ હોવાનું દોહરાવ્યું હતું. આખું ગુજરાત ત્રિરંગો ફરકાવવા ઉત્સુક છે. ત્યારે પ્રગતિની નવી ઉંચાઈઓમાં સામેલ થઈ, સહકાર આપવા સર્વેને અનુરોધ કર્યો હતો.



આ સમારંભમાં રાજયના માન.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી મંગુભાઈ પટેલ, મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, સાંસદશ્રી દર્શનાબેન જરદોશ, શ્રી સી.આર.પાટીલ, શ્રી પ્રવિણભાઈ નાયક, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી આત્મારામ પરમાર, ડે.મેયર શ્રીમતી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ, સુરત જિલ્લા પ્રમુખશ્રી અશ્વિનભાઈ પટેલ, જાહેર બાંધકામ સમિતિ અધ્યક્ષશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષા શ્રીમતી રંજનબેન વેકરીયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, તથા આ વિસ્તારના વોર્ડ સદસ્યશ્રી ભીખુભાઈ રાઠોડ, શ્રી હિતેશભાઈ પટેલ અને શ્રીમતી લક્ષ્મીબેન રાંદેરિયા મંચ ઉપર ઉપસ્થિત રહયા હતા. સમારંભમાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીગણ, આમંત્રિતો, નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ ઉત્સવમાં સહભાગી થયા હતા. આ સમગ્ર પર્વનું આયોજન મ્યુનિસિપલ કમિશનરશ્રી કુ. એસ.અપર્ણા અને તેમની ટીમે સુપેરે પાર પાડયું હતું.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૫/૦૧/૨૦૧૧ ને મંગળવાર ના રોજ ગુજરાત રાજયના માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન



સુરત મહાનગરપાલિકા ધ્વારા, સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત તેમજ ૬૨ માં પ્રજાસત્તાક દિનની સુરત ખાતે રાજયકક્ષાની ઉજવણીને અનુલક્ષીને તા. ૨૫/૧/૨૦૧૧ના રોજ મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

ડો. શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડન, કતારગામ, સુરત ખાતે "વાંચે ગુજરાત" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મા. મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત રહી કાર્યક્રમમાં હાજર શાળાના વિદ્યાર્થીઓ વગેરેનો ઉત્સાહ વધાર્યો હતો.

ત્યારબાદ અમરોલી પાળા જગ્યા, અમરોલી પુલ પાસે, અમરોલી,સુરત ખાતે યોજાયેલ "સમયદાન" કાર્યક્રમમાં સ્થાયી સમિતિના મા.અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું.

મા.મુખ્યમંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે આજનો માનવી સ્વકેન્દ્રી અને સ્વાર્થી થઈ ગયો છે. કોઈ પણ કાર્યમાં મારું શુ એવી મનોવૃતિ ધરાવતો થઈ ગયો છે. અને આનાથી મને શું લાભ ? એવી દાનત ધરાવતો થઈ ગયો છે. જે યોગ્ય નથી. રાજયના વિકાસ માટે દરેક નાગરીકને ૧૦૦ કલાકનું જુદા જુદા ક્ષેત્રોમાં સમયદાન કરવા સૌને અપીલ કરી હતી. શ્રી જગદીશભાઈ પટેલ અને શ્રીમતિ સંગીતાબેન હળપતીને શિક્ષણક્ષેત્રે અને શ્રીમતિ સુમિત્રાબેન સુરતીનું આરોગ્ય ક્ષેત્રે સમયદાન કરવા બદલ મા.મુખ્યમંત્રીશ્રીનું વરદહસ્તે પુસ્તિકા અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.





શ્રી અનિલભાઈ બિસ્કીટવાલાએ ગરીબોના બેલી અને દીર્ઘદષ્ટા મા.મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે તેમના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજયમાં ઘણો વિકાસ થયો છે.

ઓલપાડના સમયદાન કરનાર શ્રી યોગેશભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ),મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ,મા.મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, મા.સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોષ, મા.સાંસદશ્રી સી.આર.પાટીલ,મા.ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, મા.શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સીંગ તથા અન્ય મહાનુભાવો,શાળાના બાળકો અને શહેરની જનતાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ૬૨ માં પ્રજાસત્તાક પર્વ "સ્વર્ણિમ રાજય મહોત્સવ" ની ઉજવણી અંતર્ગત તા. ૨૪/૧/૨૦૧૧ ના રોજ લોકડાયરાનું આયોજન



"સ્વર્ણિમ ગુજરાત વર્ષ" માં ૬૨ માં પ્રજાસત્તાક દિનઃ ૨૬મી જાન્યુઆરી ૨૦૧૧ની રાજય કક્ષાની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૪.૧.૨૦૧૧ના સોમવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં લલિતા ચોકડી, કતારગામ, સુરત ખાતે રાત્રે ૮.૦૦ કલાકે ગુજરાતી લોક કલાકારવૃંદ દ્વારા પ્રસ્તુત લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કલાવૃંદમાં હાસ્ય કલાકાર અને લેખક શ્રી શાહબુદ્દીન રાઠોડ, લોકગાયક શ્રી અભેસિંહ રાઠોડ, શ્રી બિહારી હેમુ ગઢવી, સુશ્રી દમયંતી બરડાઈ, હાસ્ય કલાકાર શ્રી માયાભાઈ આહીર, લોક સાહિત્યકાર શ્રી યોગેશ ગઢવી, લોક વાર્તાકાર શ્રી હરેશ સુરૂ અને લોકગાયક શ્રી જીતુ "કવિદાદ" ઉપસ્થિત રહયા હતાં. જેઓએ પોતપોતાના ક્ષેત્રોમાં આઝાદીના લડવૈયાઓ, દેશદાઝ, શહીદ જવાનો, ગુજરાતનો કલા અને સાહિત્યનો વિકાસ અને વૈભવ, સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં ગુજરાત રાજયની દરેક ક્ષેત્રની હરણફાળ વિગેરે જેવા વિષયવસ્તુઓને પોતાની આગવી છટામાં વીણી લઈ પોતાની કૃતિઓ રજુ કરી હતી.






સુરત મહાનગરપાલિકાના સુરતની કલા, સાંસ્કૃતિક અને સંગીત રસિક જનતા માટે થઈ રહેલા આ પર્વના ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો પૈકી આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતમાં સૌરાષ્ટ્રવાસીઓની મોટી વસ્તી ધરાવતા આ વિસ્તારના નગરજનોએ રાત્રે મોડે સુધી આ કાર્યક્રમની મજા માણી પર્વની ઉજવણીમાં સહભાગી થયા હતાં. પ્રભારી મંત્રી માન.શ્રી મંગુભાઈ પટેલ, શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રી રાજેન્દ્ર એ દેસાઈ, સાંસદશ્રી પ્રવિણભાઈ નાયક, ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, આમંત્રિતો, નગરજનો, અધિકારીગણ મોટી સંખ્યામાં હાજર રહયા હતાં.

TOP